॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

Page: 01

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● આષો સુદ-૧૪ ● તા. ૩૦-૧૦-૨૦૨૦ ● શુક્રવાર SDP NO: 195 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ગાંધીનગરઃ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા કેશુભાઈ પટેલનું ૯૨ વર્ષની વયે દુઃખદ નિધન થયું છે.

તેમની તબિયત લથડતા તેમને દસ દિવસ અગાઉ અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો કે સારવાર બાદ તેમની તબિયત સુધરતા બે દિવસ પહેલા જ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. પરંતુ આજે અચાનક તેમની તબિયત ફરીથી બગડી ગઈ હતી.

પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને શ્વાસ લેવામાં તકલીફ થતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આજે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા. કેશુબાપાનું નિધન થતા મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત ભાજપના નેતાઓ તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરી છે.

થોડા સમય પહેલા કોરોનાને હરાવીને સાજા થયા હતા, ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા કેશુબાપાને કોરોના રિપોર્ટ પોઝિટીવ આવતા હોમ આઈસોલેટ કરવામાં આવ્યા હતા.

તેમના કેરટેકરનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવતા તેઓ પણ કોરોના પોઝિટીવ આવ્યા હતા. જો કે સારવાર બાદ તેઓ

કોરોનાને હરાવીને સાજા થઈ ગયા હતા.

ભાજપના પ્રથમ મુખ્યમંત્રી, બે ટર્મ સી.એમ. રહ્યા.

કેશુભાઈ પટેલને ભાજપના ભિષ્મ પિતામહ માનવામાં આવતા.

કેશુભાઈ પટેલ જનસંઘના પાયાના કાર્યકર હતા. તેઓ ૧૯૪૫ માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં પ્રચારક તરીકે જોડાયા હતા.

વર્ષ ૧૯૮૦ માં તેઓ ભાજપમાં જોડાયા હતા. વર્ષ ૧૯૯૫ માં તેઓ સૌપ્રથમ વખત ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા. તેઓ માર્ચ ૧૯૯૮ થી ઓક્ટોબર ૧૯૯૮ સુધી મુખ્યમંત્રી રહ્યા હતા.

ત્યારબાદ ૧૯૯૮ માં ફરી એક વખત તેમણે ગુજરાતનું શાસન સંભાળ્યું હતું. ત્યારબાદ માર્ચ ૧૯૯૮ થી તેઓ વર્ષ ઓક્ટોબર,

૨૦૦૧ સુધી ગુજરાતના મુખ્યમંત્રી પદે રહ્યા. આખરે ૨૦૦૧ માં તેમણે મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપી દીધું હતું.

તેઓ ભાજપના પ્રથમ પ્રદેશ પ્રમુખ પણ હતા. આજે ગુજરાતમાં ભાજપની પરિસ્થિતિનો મોટાભાગનો શ્રેય કેશુબાપાને જાય છે. તેમણે ગુજરાતમાં ભાજપના પાયાના નેતા તરીકે કામ કર્યું હતું.

૨૦૧૨ માં નવો પક્ષ સ્થાપ્યો, વર્ષ ૨૦૧૨ માં તેમણે ગુજરાત પરિવર્તન પાર્ટી નામે નવો પક્ષ સ્થાપયો હતો અને ભાજપમાંથી રાજીનામુ આપી દીધું હતું. પરંતુ ત્યારબાદ જાન્યુઆરી ૨૦૧૪ માં ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું હતું અને પાર્ટીનું ભાજપમાં વિલીનીકરણ કરી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૪ માં તેમણે તબિયત નાદુરસ્ત રહેવાના કારણે ધારાસભ્ય પદેથી રાજીનામુ આપી દીધું હતું. ત્યારથી તેઓ સક્રિય રાજકારણથી દૂર રહ્યા હતા.

કેશુભાઈ પટેલના અવસાનથી ગુજરાતને મોટી ખોટ પડીઃ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કેશુભાઈ પટેલના નિધન ઉપર શોક વ્યક્ત કરતા કહ્યું કે, 'જેમણે ગુજરાતમાં જનસંઘથી

ભાજપનું આ વટવૃક્ષ ઉભું કર્યું, જેમણે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રના કામ માટે ન્યોછાવર કર્યું, જેમણે એક ખેડૂત પુત્ર તરીકે ખેડૂતો માટે ખૂબ જ મોટું કામ કર્યું હતું તેવા આપણા વડીલ આદરણીય કેશુભાઈ પટેલનું આજે દુઃખદ અવસાન થયું છે.'

તેમણે કહ્યું કે, 'આપણા બધા માટે ખુબ જ દુખની લાગણી છે.

ગુજરાતને મોટી ખોટ પડી છે. ભારતીય જનતા પાર્ટીને મોટી ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને સદગતિ આપે તેવી હું પ્રભુને પ્રાર્થના કરું છું.'

તેમનું સમગ્ર જીવન ગુજરાતના વિકાસ માટે સમર્પિત રહ્યું:પીએમ મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેશુભાઈ પટેલના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે ટ્વીટ કરતા કહ્યું કે, 'આદરણીય કેશુભાઈ પટેલના નિધનથી હું ખુબ દુઃખી છું. તેઓ એક ઉમદા નેતા હતા, જેમણે સમાજના દરેક વર્ગ માટે કામ કર્યું. તેમનું સમગ્ર જીવન ગુજરાતના વિકાસ અને ગુજરાતીઓના ઉત્થાન માટે સમર્પિત રહ્યું.'

તેમણે કહ્યું કે, કેશુભાઈએ મારા સહિત અનેક યુવા કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું. દરેકને તેમનો સ્વભાવ ખુબ ગમતો. તેમનું નિધન અપૂરતી ખોટ છે, આપણે બધા આજે દુઃખી છીએ. મારી સંવેદનાઓ તેમના પરિવાર અને ચાહકો સાથે છે. તેમના દીકરા ભરત સાથે વાત કરી સાંત્વના પાઠવી.'

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ તરફથી જણાવવામાં આવ્યું છે કે ભાજપાના વરિષ્ઠ આગેવાન અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આદરણીય શ્રી કેશુભાઈ પટેલના નિધનનો શોક વ્યક્ત કરતાં ભાજપાએ પેટાચૂંટણી સંબંધિત આજની તમામ જાહેરસભાઓ તેમજ પ્રચાર કાર્ય બંધ રાખવાનો નિર્ણય કર્યો છે....

પોતાની પત્ની ના ATM Card દ્વારા પતિ ATM માંથી પૈસા ઉપાડી શકે નહી - સ્ટેટ બેક્ક ઓફ ઈન્ડિયા - કોર્ટે પણ સમર્થન કર્યું

બેક્કના નિયમ પ્રમાણે ATM કાર્ડ તબીદીલ પાત્ર નથી. અને તેનો ઉપયોગ કાર્ડ માલિક અથવા કાર્ડ હોલ્ડર સિવાય બીજું કોઇ કરી શકે નહી.

બેંગલોરમા એક પ્રસુતા એ પોતાનું કાર્ડ પોતાના પતિને પીન નંબર સાથે આપ્યું. પતિએ ATM મા જઇને ૨૫૦૦૦/- રુપિયા માટે ATM કાર્ડને સ્વાઇપ કર્યું. મશીનમાંથી ખાતામાંથી પચીસ હજાર બાદ થઇ ગયા તેવી સ્લીપ નીકળી પરંતુ રકમ મળી નહી.

બેંકમા ફરિયાદ કરવામાં આવી અને તેમને કહેવામા આવ્યું કે કાર્ડનો ઉપયોગ બીજી વ્યકિત દ્વારા થયો છે તેથી રકમ મળી શકે નહી.

પત્ની ગ્રાહક સુરક્ષા કોર્ટમાં જઇને ફરિયાદ કરી કે તેમણે હાલમાં બાળકને જન્મ આપ્યો હોવાથી તેઓ બહાર જઇ શકે તેમ નહોતા અને તેને કારણે તેમના પતિને કાર્ડ આપવામા આવ્યું હતું.

ATM માથી જ્યારે રકમ બહાર નીકળી નહી ત્યારે પતિએ બેક્કના કોલ સેન્ટર પર ફરિયાદ કરીને કહ્યું કે રકમ તેમને મળી નથી તેથી પાછી તેમના ખાતામા જમા થવી જોઇએ. પરંતુ તે રકમ તેમના ખાતામા પુનઃ જમા થઇ નહોતી. થોડા દિવસ પછી તેમણે બેક્કનો સંપર્ક કર્યો પરંતુ બેક્કે જવાબ આપ્યો કે વ્યવહાર બરાબર હતો અને ગ્રાહકને રકમ મળી ગઇ છે.

ત્યારબાદ પતિ પત્નીએ મળીને CCTV ફુટેજ મેળવ્યા જેમા પતિ ATM મા કાર્ડ સ્વાઇપ કરતા નજરે પડે છે પરંતુ રકમ બહાર નીકળતી જોવા મળતી નથી. આ ફુટેજ ના આધારે તેમણે ફરીથી બેક્કમા ફરિયાદ કરી તો તેમણે કહ્યું કે કાર્ડ હોલ્ડર પત્ની ફુટેજમા ક્યાંય દેખાતા નથી.

ગ્રાહક કોર્ટમાં જતા પહેલા છેલ્લી વાર તેમણે બેક્કનો સંપર્ક કર્યો, પરંતુ બેક્કે સ્પષ્ટ જવાબ આપ્યો, PIN નંબર શેર કરવામાં આવ્યો હોવાથી કેસ બંધ કરવામાં આવે છે.

આ સમય દરમિયાન કપલે RTI દ્વારા માહિતિ મેળવી લીધી હતી કે જે દિવસે આ વ્યવહાર થયો હતો તે દિવસે ૨૫૦૦૦/- ની રકમ વધારે ATM મા હતી. Excess હતી.

આ તમામ ડોક્યુમેન્ટ કોર્ટમાં રજુ કરીને પતિ પત્ની રજુઆત કરી કે તેમની રકમ પાછી મળવી જોઇએ. કોર્ટે તેમની વાત ગ્રાહ્ય રાખી નહી. પોતાના હુકમમાં કોર્ટ નોંધે છે કે પત્ની જો બહાર જઇ શકતા ના હોય તો તેવી સ્થિતિમાં તેઓ પતિને ચેક આપી શક્યા હોત, તેમને ઓથરિટિ આપી શક્યા હોત. તેના બદલે તેમણે ડેબિટ કાર્ડનો PIN નંબર શેર કર્યો અને તેના આધારે તેમણે રકમ ઉપાડવાનો પ્રયત્ન કર્યો.

બેક્કની દલીલ માન્ય રાખીને કોર્ટે આ રકમ પાછી નહી આપવા માટે હુકમ કર્યો.

આ ચુકાદો દરેકની આંખો ખોલી નાંખે તેવો છે. PIN નંબર શેર નહી કરવો એટલે કોઇ પણની સાથે શેર કરી શકાય નહી. આપણે સામાન્ય વાતમાં દીકરા, દીકરી કે અન્યને ડેબિટ કાર્ડ આપીને રકમ ઉપાડી લાવવાનું કહીયે છે. જે નિયમોની વિરુદ્ધ છે. મોટા ભાગે રકમ નીકળી જાય છે તેથી વાંધો નથી આવતો પરંતુ જે દિવસે કોઇ કારણસર રકમ નહી નીકળી તે દિવસે તે રકમ તમારે ગુમાવવી પડશે. તે દિવસે રકમ કદાચ મોટી પણ હોય.

કાયદા ના ફાયદા....અનેક પણ આપણી જ આદત ચાલશે ફાવશે ને દોડસે...

આપણું કાર્ડ કોઇ ચોરી કરી જાય ને રકમ ઉપાડી જાય તેવા અનેક બનાવ છે પણ અહીં આમ કેમ.. પતિ પત્નિ તો એક ઘર અને પરિવાર છે ને.. જરૂર આ બાબતે કાયદા ને વિચારવું જોઈએ... અને પત્ની ના કાર્ડ ની રકમ જેમ પતિ ને ના મળે તેમ ચોર ચપાટી ને પણ ના જ મળે તેવું પહેલા જોઈએ..

કાર્યાલયઃ ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦. મોબાઈલ : ૭૭૧૮૯૭૭૭૭૪.

ગુજરાત ને ગુંડારાજ માંથી ગોકુળિયું ગુજરાત બનાવી શાંતિ, સલામતી અને સંમૃધ્ધિ આપનાર કેશુબાપા ને શત શત નમન.

ગુજરાતના દિગ્ગજ નેતા ગુજરાત જનસંઘ અને ભાજપના પાલક અને પોષક પૂર્વ મુખ્યમંત્રી આદરણીય કેશુબાપા આપણી વચ્ચે નથી. વ્યક્તિગત અને ગુજરાતને મોટી ખોટ પડી છે.

ગુજરાતની રાજનીતિમા સાચા ખેડૂત પ્રતિનિધિ અને ગામડા ની ચિંતા કરનાર કેશુભાઈ પટેલ જનતાને, નર્મદા યોજના, ગોકુળિયું ગામ, ૦૮ કિલોમીટરનો કાયદો, પેરીફેરી એક્ટ અને મફત વારિગૃહ વીજળી જેવી ગ્રામીણ અને કિસાન નીતિ માટે સદાય રહેશે.

ગુંડાઓને પડકારવાની હિંમત કેશુભાઈની રાજકીય કારકિર્દી ઘડવામાં નિર્ણાયક બની

કેશુભાઈએ લતિફને પરચો બતાવીને મેળવેલી સફળતા આજના ભાજપની મજબૂતી માટે કારણભૂત ગણાય છે.

૧૯૬૦ના દાયકામાં બનેલી એક ઘટના તેમને રાજકીય સ્તરે અમદાવાદ સુધી લઈ જવામાં મોટુ કારણ બની હતી

ગુજરાતના રાજકારણના ભીષ્મ પિતામહ કહેવાતા કેશુભાઈ પટેલના નિધનથી ગુજરાતમાં મોટી રાજકીય ખોટ સાથે જ એક શૂન્યવકાશ પણ સર્જાયો છે.

જનસંઘથી લઈને ભાજપના મૂળિયા રાજકારણમાં ઊંડા ઉતારવામાં કેશુબાપાનો મોટો ફાળો છે. ભાજપના લાખો કાર્યકર્તાઓનો હાથ પકડીને તેઓએ રાજનીતિમા ચાલતા શીખવાડ્યા હતા.

કેશુભાઈ પટેલનું નિધન ગુજરાત માટે મોટી ખોટ સાબિત થઈ છે. કેશુભાઈને રાજકીય કારકિર્દીને વેગ આપવામાં માં બે ઘટનાઓ બહુ જ મહત્વની ગણાય છે.

પહેલી ઘટના

કેશુભાઈ વિસાવદરમાં જન્મ્યા હતા, પરંતુ તેમની કર્મભૂમિ રાજકોટ રહી હતી. પરિવારમા ખેતીની આવક બહુ જ નબળી હતી. તેથી તેઓએ મોરબીમાં લોટ દળવાની ઘંટી શરૂ કરી હતી. મોરબીમાં મચ્છુ ડેમ બંધાતો હતો, ત્યારે લોટ દળવાની ઘંટી નાંખીને તેઓએ તેમાંથી થોડી આવક રળી લીધી હતી. તેના બાદ તેઓ આરએસએસમાં જોડાયા હતા. સંઘ ના સ્વંયસેવક તરીકે ગામે ગામે સાઈકલ લઈને ફરતા હતા. પ્રચાર કરવામાં તેઓએ કોઈ કચાશ બાકી ન રાખી. પરંતુ ૧૯૬૦ના દાયકામાં બનેલી એક ઘટના તેમને રાજકીય સ્તરે અમદાવાદ સુધી લઈ જવામાં મોટુ કારણ બની હતી.

રાજકોટમાં એક સમયે લાલિયો નામના ગુંડાની ધાક હતી. આ ગુંડો લોકોને પરેશાન કરતો હતો અને તેમની પાસેથી હપ્તો ઉઘરાવતો હતો. ત્યારે કેશુભાઈએ ભર બજારમા તેને માર માર્યો હતો. ત્યાંથી તેમનો નેતા તરીકેનો સિક્કો પડી ગયો હતો. કેશુબાપાએ જાહેરમા તેની ધોલાઈ કરી હતી.

જનસંઘથી પક્ષ સાથે સંકળાયેલા હતા. સૌરાષ્ટ્રના નેતા તરીકેની છાપ લાલિયાની ઘટના બાદ ઉભરી હતી. ત્યાર બાદ રાજકોટમાં આ દરમિયાન તેઓએ દૂધની ડેરી શરૂ કરી હતી. પછી ૧૯૮૦ થી ભાજપના ટોચના નેતા તરીકે રાજ્ય સ્તરે ગણતરી થવા લાગી.

બીજી ઘટના

અમદાવાદમા એક સમયે લતિફ નામના ગુંડાની ધાક હતી. ત્યારે અમદાવાદના દરિયાપુર, પોપટીયા વાર્ડ, જોર્ડન રોડ વગેરે વિસ્તારોમાં હિન્દુઓ તો ઠીક, પોલીસ પણ જઈ શક્તી ન હતી, ત્યાં લતિફની દાદાગીરી સામે કેશુભાઈએ અવાજ ઉઠાવ્યો, એટલુ જ નહિ લતીફના ગઢ સમાન પોપટીયા વાર્ડમાં લોકદરબારનો જાહેર કાર્યક્રમ યોજ્યો હતો. તેનાથી નીડર અને હિમંતવાન નેતા તરીકેને છબી રાજ્યસ્તરે ઉભરી આવી. એ પછી સ્થાનિક ચૂંટણીઓમા તેઓએ લતિફને મુદ્દો બનાવ્યો અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કબજો કરીને ઈતિહાસ સર્જ્યો હતો. એ જ સફળતા આજના ભાજપની મજબૂતી માટે કારણભૂત ગણાય છે.

વન માંથી નંદનવન સર્જનાર
કેશુબાપા ને કોટી કોટી શ્રદ્ધાં સુમન,
રાજકીય સમિતિ યુવાસંઘ...

સરાહનીય કાર્ય સાથેના જન્મ દિવસની શુભેચ્છા..

તા :- ૩૦/૧૦/૨૦૨૦

નારણભાઈ માવજીભાઈ ભાવણી, બીલીમોરા - DGR. 9879583876.

પોતાના પૌત્રી હેત્વી શાંતિલાલ ભાવણી ના જન્મ દિવસ નિમિત્તે સનાતન ધર્મ પત્રિકા ના આજીવન સભ્ય બની સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે.

શ્રી સમાજ અને યુવાસંઘ તેમનો આભાર સાથે જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.

પ્રતિનિધિ :- મહેન્દ્રભાઈ સાંખલા, બીલીમોરા. ૯૮૨૫૦૫૯૩૮૦.

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૨૮.૧૦.૨૦૨૦ નો પ્રશ્ન નબર ૧૫૦ :

સૃષ્ટિ ના સર્જક બ્રહ્માજી નું મંદિર ભારતમાં કયા સ્થળે આવેલ છે?

જવાબ : પુષ્કર

જવાબ આપનાર વિજેતા : દયારામ કરશન લિંબાણી - ભિંવડી ૯૬૭૩૯ ૯૦૦૫૧.

ગઈકાલ તા.૨૯.૧૦.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૫૧ :

કચ્છના રળિયામણા રણમાં કઈ પૂર્ણિમાની રાત્રે ઉત્સવ ઉજવવામાં આવે છે ?

આજના પ્રશ્ન નંબર ૧૫૨ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

અવસાન નોંધ

તારીખ : ૨૬/૧૦/૨૦૨૦

સ્વ. વિમળાબેન છગનભાઈ ભોજાણી, ઉમર વર્ષ ૬૬

ગામ : નવા મુવાડા (કપડવંજ), હાલે : કઠલાલ.

તારીખ : ૨૮ /૧૦/૨૦

સ્વ. રસીકભાઈ જીવરાજભાઈ નાકરાણી, ઉમર વર્ષ ૭૩

કચ્છ માં ગામ દયાપર, હાલે : હુબલી (કર્ણાટક)

સ્વ. મોહનભાઈ રતનસી ભાઈ પોકાર, ઉમર ૫૬

નાગવીરી કચ્છ, ટામ્બરમ ચેન્નઈ તામિલનાડુ.

તારીખ : ૨૯/૧૦/૨૦

સ્વ. નાનજી ગોપાલ છાભૈયા, ઉમર : ૬૯ વર્ષ

કચ્છ : ટોડીયા, હાલે : પુના.

કાર્યાલયઃ ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦. મોબાઈલ : ૭૭૧૮૯૭૭૭૭૪.